ક્રમાંક: ઉપ્રક-૯(૧)-ગ્રા-ટ-ક(૩૩૪) ૧૫૭૦૪/૨૨

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુ.રા.,
બ્લોક નં.૧૨, ડો.જી.મ. ભવન,
ગાંધીનગર.

તારીખ:- ૧૦ -૯-૯૨.

વિષય:- આર્ટસ કોલેજ લીમખેડા જી: પંચમહાલને અનુદાનપાત્ર ગણવા બાબત.....

કચેરી આદેશ:-

૧/- લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટસ કોલેજ, લીમખેડા જિ: પંચમહાલને ગુજરાત યુનિવર્સિટીનુ જોડાણ ૯૧-૯૨ ના વર્ષમાં મળતાં તેમજ આ જોડાણ ૯૨-૯૩ ના વર્ષમાં ચાલુ રહેતા અને વધારાનુ જોડાણ મંજૂર થતાં શિક્ષણ વિભાગના ઠ.નં. એનજીસી/૧૫૮૯/એમ/૧૦૨૬/ખ તા. ૧૫-૧૧-૮૯ માં કરેલ જોગવાઈ મુજબ ૧૯૯૨-૯૩ ના શૈક્ષણિક વર્ષથી એટલે કે તા. ૧૦-૭-૯૨ થી અનુદાન-પાત્ર ગણવામાં આવે છે. આ અનુદાન તા. ૧૫-૧૧-૮૯ ના ઉપરોકત ઠરાવ અને તેમાં વખતો વખત થતા સુધારાને આધિન રહીને ચુકવવામાં આવશે.સંસ્થાએ આ અંગેના સઘળા હિસાબો દફતર સહિત મહાલેખાકારશ્રી, ગુ.રા. રાજકોટ/અમદાવાદ અને આ કચેરીના સક્ષમ અધિકારી ધ્વારા ચકાસવા માટે માંગવામાં આવે ત્યારે રજૂ કરવાના રહેશે.

૨/- સંસ્થાએ ૯૨-૯૩ ના વર્ષ માટે અંદાજી ગ્રાન્ટ મેળવવા માટે આ કચેરીએ નિયત કરેલ પત્રકો નં. ૧ થી ૧૧ રજૂ કરવાના રહેશે. અનુદાન મેળવવા માટે કોલેજને કોડ નં. ૨૦૪ આપવામાં આવે છે. અનુદાન મેળવવા માટે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિમણુકની મંજૂરી આ કચેરીની સંબંધિત શાખા મારફતે હવે પછી કરવામાં આવશે ત્યારબાદ જ કોલેજના સ્ટાફને સીધા પગાર યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)
ગુ.રા.ગાંધીનગર.

નકલ જાણ તેમજ અમલ થવા સારુ રવાના:-

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, લીમખેડા વિભાગ, યુવક એજ્યુકેશન સોસા.દુધીયા રોડ, લીમખેડા, જી: પંચમહાલ-૩૮૯ ૧૪૦.
- આચાર્યશ્રી, આર્ટસ કોલેજ, લીમખેડા- ૩૮૯ ૧૪૦.
- પેટા તિજોરી અધિકારીશ્રી, લીમખેડા.
- આ કચેરીની ક-ડીપી, ક-સરભર, ક-સરપ્લસ, ક-પગાર રક્ષણ-બજેટ, લીગલ અને હ-ઓડીટ શાખા તરફ જાણ તેમજ અમલ થવા સારુ.
- એ.જી. રાજકોટ/અમદાવાદ.
- કચેરીની સ્ટેનીંગ ઓર્ડરની ફાઈલે.

નકલ સવિનય રવાના:-

- ની.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારુ.